# ફા. સ્ટાન સ્વામી

## (ટૂંક પરિચય)



પોતાના સાથીઓ, મિત્રો, નાગરિક સમાજ, ધર્મનિરપેક્ષ કર્મશીલો અને શુભેચ્છકો દ્વારા જે ‘સ્ટાન સ્વામી’-ના નામે જાણીતા છે તેવા ફાધર સ્ટાન લુર્દસ્વામીનો જન્મ તામિલનાડુમાં તા. 26-4-1937માં થયો હતો.

તેઓ તા. 30-5-1957ના રોજ જમશેદપુર ધર્મપ્રાન્તના ઈસુસંઘમાં દાખલ થયા અને તા. 14-4-1970માં પુરોહિત દીક્ષા મેળવીને, તે સમયના બિહારના વિસ્તારોમાં- જે આજે ઝારખંડમાં છે તેવા આદિવાસી સમુદાયોને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું.

ત્યારથી શરૂ કરીને આજ સુધી, ફા. સ્ટાન પોતાના જીવનનો મોટા ભાગનો સમયગાળો હાંસિયાકૃત વંચિતો, પછાત અને અન્ય નબળા વર્ગના લોકોના ઉત્કર્ષ પાછળ વિતાવી રહ્યા છે. અનુસ્નાતક અભ્યાસ પછી, ઉચ્ચ શિક્ષણ આપતી મોટી મોટી સંસ્થાઓમાં સેવા આપવાની ક્ષમતા અને શક્યતા હોવા છતાં તેમણે ઝારખંડના અવાજવિહોણા આદિવાસી સમુદાય માટૈ પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું છે.

પાંચથી પણ વધારે દાયકાથી ફા. સ્વામી અથાકપણે આદિવાસી સમુદાયના ઉત્કર્ષ અને કલ્યાણ ઉપરાંત તેમના બંધારણીય અધિકારો, જંગલ અને જમીનના અધિકારો, શ્રમિક અધિકારો માટે, તે ઉપરાંત ઝારખંડના રાજકારણ-રાજવહીવટમાં આદિવાસીઓના પ્રતિનિધિત્વ માટેનો આગ્રહ આગળ ધરવામાં સતત સંઘર્ષરત છે.

આ સિવાય પણ, હજારો યુવા આદિવાસીઓ ઉપર ‘નક્સલવાદી’નો ઠપ્પો મારીને તેમની આડેધડ થતી ધરપકડોને ફા. સ્ટાન જોરદારપણે વખોડતા આવ્યા છે; એટલું જ નહિ આવા અન્ડરટ્રાયલ

કેદીઓને જાત મુચરકા ઉપર છોડી દેવા અને કાનૂની કરાવાઇને ઝડપી બનાવવા માટે જાહેરહિતની અપીલ(PIL) પણ ઝારખંડની હાઈકોર્ટમાં કરી રહ્યા છે.

## ★ ગ્રામ-નવરચના અને રાષ્ટ્રીય નવનિર્માણઃ

દેશને સ્વતંત્રતા મળ્યા પછી ફા. સ્ટાન પોતાના અનેક સાથીઓની જેમ જ, ગ્રામીણ નવરચના અને રાષ્ટ્રના નવનિર્માણની બેવડી જવાબદારીમાં નિસ્બતપૂર્વક જોડાયા. તેઓ ઇન્ડિયન સોશ્યલ સાયન્સ ઇન્સ્ટીટયૂટ(ISI) બેંગલૂરૂ સાથે સંકળાયા. પ્રસ્તુત સંસ્થાનમાં સંશોધન, તાલીમ, દસ્તાવેજીકરણ અને પ્રકાશન થાય છે. અહીં તેમણે સામાજિક કાર્યકર્તાઓ અને ગ્રામસેવકોને તાલીમો આપી. વિશેષતઃ અનેક ભાવિ યુવા કર્મશીલોને તૈયાર કર્યા, સામાજિક આગેવાનો તૈયાર કર્યા અને તેમની સામે દેશની વાસ્તવિકતાઓ મૂકી આપીને તેના બદલાવ માટે, ખાસ તો આદિવાસીઓ, દલિતો અને નબળા વર્ગોના લોકોના ઉત્કર્ષ માટે અને બહેતર ભારતના નિર્માણ માટે સજ્જ કર્યા. આ પછી તેઓ ઝારખંડ ગયા અને આદિવાસીઓના સંઘર્ષના સાથી બન્યા.

## ★ તાજેતરનો ઘટના-ક્રમઃ

ફા. સ્ટાન સ્વામીની ધરપકડ ગઇ તા. 8-10-2020ના રોજ કરવામાં આવી. તેમના ઉપર ભીમા કોરેગાંવમાં થયેલા દલિત-મરાઠા વચેના હિંસાચાર સાથે સંકળાવાનો આરોપ મૂકાયો. ભીમા કોરેગાંવમાં આયોજિત એક સમારંભમાં, પૂનાની એલ્ગાર પરિષદનું નેતૃત્વ હતું. 2018માં પૂના પોલિસે પહેલી ચાર્જશીટ દાખલ કરી(આરોપનામુ); જેમાં સુધીર ઢવળે, રોના વિલ્સન, સુરેન્દ્ર ગાડલીંગ, શોમા સેન, મહેશ રાવત જેવા કર્મશીલોનાં નામ પણ હતાં અને જૂન 2018માં તેમની ધરપકડ કરવામાં આવી. પોલિસનો દાવો હતો કે આ તમામ લોકો દેશમાં પ્રતિબંધિત માઓવાદી સામ્યવાદી પક્ષ(CPI-ML) સાથે સંકળાયેલા છે અને વડાપ્રધાનની હત્યાના કાવતરામાં સામેલ છે. ફેબ્રુઆરી 2019માં એક પૂરક આરોપનામું ફાઇલ કરવામાં આવ્યું. જેની અંતર્ગત માનવ-અધિકાર કર્મશીલો... જેવાં કે સુધા ભારદ્વાજ, વરવર રાવ, અરૂણ ફરેરા, વર્નોન ગોન્સાલ્વિસ, અને આખી CPI-ML પાર્ટીના સભ્યોની ધરપકડ થઇ. ફા.સ્ટાનની ધરપકડ પણ આ જ રાહે થઇ છે.

## ★ ફા. સ્ટાન સ્વામીની ધરપકડ

પૂનાની પોલિસે, 28 ઓગસ્ટ-2018 અને 12 જૂન 2019ના રોજ- એમ બે વખત- ફા. સ્ટાનના રાંચી ખાતેના નિવાસસ્થાન 'બાગાઇચા' ઉપર છાપા માર્યા. છેવટે ભીમા કોરેગાંવ કેસ સાથે સંકળાયેલા હોવાનો આરોપ મૂકીને ઓક્ટોબર-2020માં ધરપકડ કરી. પૂછપરછ દરમ્યાન પોલિસ એમને જૂઠા કેસોમાં ફસાવવાની કોશીશ કરતી હતી. ફા. સ્વામી જણાવે છે કે એ લોકો યેનકેન પ્રકરેણ સાબિત કરવા માંગતા હતા કે, (i) હું અંતિમવાદી ડાબેરી જૂથો સાથે સંકળાયેલો છું

અને (ii) અમારું નિવાસસ્થાન 'બાગાઇચા' પણ માઓવાદીઓની સાથે છે. સ્વામી સખત શબ્દોમાં બંને આક્ષેપોનો ધરાર ઇન્કાર કરતા રહ્યા છે.

8 ઓક્ટોબર, 2020- ગુરુવારે જાહેર થયેલા સ્ટેટમેન્ટમાં ફા. સ્વામી કહે છે કે NIA એ 27 જુલાઇથી 30 જુલાઇ-2020 અને 6ઠ્ઠી ઓગસ્ટ 2020- એમ પાંચ દિવસ સુધી લગાતાર પંદર કલાક સુધી પૂછપરછ ચલાવી હતી. જાંચ અધિકારીઓએ ફાધરના કંપ્યૂટરમાંથી કેટલીક એવી માહિતી કાઢી બતાવી હતી કે તેઓ માઓવાદી સાથે સંકળાયેલા હતા. ફાધર કહે છે કે એ પૂછપરછને ભીમા કોરેગાંવ કેસ સાથે કશા જ લેવાદેવા ન હતા, જેના નામે તેમની ધરપકડ થઇ હતી બલ્કે, પોલિસ તપાસ ચોક્કસ હેતુપૂર્વક ચાલી રહી હતી. ફાધરના કંપ્યૂટરમાં માઓવાદને લગતી કોઇ માહિતી ન હતી. ફાધર ભીમા કોરેગાંવ કેસ સાથે કે એલ્ગાર પરિષદ સાથે પોતાનું કોઇ જોડાણ નથી તે ભારપૂર્વક કહેતા રહ્યા છે.

NIA દ્વારા 8મી ઓક્ટબરે રાત્રે ફા. સ્ટાનને રાંચીના તેમના નિવાસથી ઉઠાવીને કસ્ટડીમાં પૂરવામાં આવ્યા. જ્યાં પણ તેમણે પોતાના ઉપર મૂકાયેલા આક્ષેપોનો ધરાર ઇન્કાર કર્યો. અહીં તેમને મુંબઇ લઇ જવામાં આવ્યા. કોરોના મહામારીના સમયમાં, 83 વર્ષના વયોવૃદ્ધને મુસાફરી કરવા માટે મજબૂર કરવામાં આવ્યા. ફાધરે પોતે પોતાની વૃદ્ધાવસ્થા અને મહામારીના જોખમની દુહાઇ દીધી તે છતાં... અને ઝારખંડ સરકારના કડક આદેશ કે વયસ્ક લોકો, જે 60 વર્ષથી વધુ ઉંમરના હોય તેમના ઉપર બહાર નીકળવા ઉપર પણ પ્રતિબંધ હોવા છતાં, 9 ઓક્ટોબર 2020ની રાતના પ્લેનમાં એમને મુંબઇ લઇ જવામાં આવ્યા.

આ પહેલાં ફાધર પોતે, પોતાના નિવાસેથી વિડિયો કોન્ફરન્સ દ્વારા તમામ પૂછપરછનો જવાબ આપવા તૈયાર હોવા છતાં પ્રશાસને / પોલિસે તેમને જાનના જોખમે મુંબઇ લઇ જઇને સેશન્સ કોર્ટમાં હાજર કર્યા. ત્યાંથી તેમને તલોજા જેલમાં મૂકવામાં આવ્યા. સ્વામી સાથે અન્ય પંદર વ્યક્તિઓની પણ આ કેસમાં ધરપકડ થઇ હતી. અન્ય કેટલાક લોકોને પણ અનલોફુલ એક્ટિવીટીઝ પ્રિવેન્શન એક્ટ(UAPA) અંતર્ગત જેલમાં પૂરવામાં આવ્યા છે.

પોતાની ધરપકડ પહેલાં લેવાયેલા એક વિડિયો સ્ટેટમેન્ટમાં ફાધર સ્ટાન જણાવે છે કે, "મારી સાથે જે કંઇ બની રહ્યું છે તે કંઇ નવી વાત નથી! કેટલાય કર્મશીલો, વકીલો, લેખકો, પત્રકારો, વિદ્યાર્થીનેતાઓ, કવિઓ, બુદ્ધિજીવીઓ અને જેઓ આદિવાસી, દલિત અને હાંસિયાકૃત સમુદાયોના અધિકાર માટે લડી રહ્યા છે અને વર્તમાન શાસકોની સામે પોતાનો અવાજ ઊઠાવી રહ્યા છે તે સૌની સાથે આવા બનાવો બનતા આવ્યા છે."

### ★ ફા. સ્ટાનની ધરપકડનો વિરોધઃ

ઝારખંડના મુખ્યમંત્રી હેમન્ત સોરેને 9 ઓક્ટોબર 2020ના રોજ ફા. સ્ટાનની ધરપકડને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. તેઓ કહે છે કે "કેન્દ્ર સરકાર તમામ વિરોધી સૂરને દબાવી દેવા માંગે છે.

એક 83 વર્ષના બુઝુર્ગ, જે ગરીબો-વંચિતો અને આદિવાસીની ચિંતાનો અવાજ બન્યા છે તેમની ધરપકડ કરીને આ ભારતીય જનતા પક્ષ(ભાજપ) કયો સંદેશ આપી રહ્યો છે?!''

કેરળના મુખ્યમંત્રી પિનારયી વિજયન, 11-10-2020ના , FB માં જણાવે છે કે આદિવાસી અધિકારોના કર્મશીલ ઈસુસંઘી ફા. સ્ટાન સ્વામીની ધરપકડ ભીમા કોરેગાંવમાં ટોળાંને હિંસાચાર કરવા ઉશ્કેરણી કરવા બદલ કરવામાં આવી છે. જે વ્યક્તિ દાયકાઓથી આદિવાસીઓ માટે સંઘર્ષરત છે; તેમના લોકતાંત્રિક અધિકારોને કચડી નાખનારાં પરિબળો સામે વિરોધનો સૂર ઉઠાવનાર કર્મશીલની ધરપકડ કરવી તે ભારતના સંવિધાનના સિદ્ધાંતોની વિરુદ્ધ છે.

## ★ ફા. સ્ટાનની જનઆંદોલનો પ્રત્યેની પ્રતિબદ્ધતા

ફા. સ્ટાન લાંબા સમયથી, આદિવાસીઓના પ્રશ્નો વિશે સંઘર્ષ છેડી રહ્યા છે. જેમ કે, આદિવાસીઓના લોકતાંત્રિક અધિકારોનું ઉઘાડેછોગ થતું હનન, હજારો આદિવાસીઓ ઉપર ખોટા કેસ દ્વારા કાનૂની ભીંસ, દમન અને અત્યાચાર.... વગેરે. મોટા પ્રોજેક્ટોને કારણે આદિવાસીઓની જમીનોની ઝૂંટવણી, ખાણો માટે, કહેવાતા વિકાસ માટે ગરીબો અને આદિવાસીઓના હક્કો ઉપર લાગતાવળગતાઓ, સ્થાપિત હિતો અને સત્તાની તરાપ વિશે સતત, લોકશાહી ઢબે, કાનૂની રાહે લડત લડી રહ્યા છે. આદિવાસીઓની જમીન, જંગલો અને અન્ય પ્રાકૃતિક સંસાધનોની લૂંટ અને હડપ કરવાની સ્થાપિત હિતો અને સત્તાધારીઓની દાનત અને કારવાઈને પડકારતા રહ્યા છે. તેમણે આવા અન્યાયપુરઃસર જેલમાં પૂરવામાં આવેલા, ખોટા કેસમાં ફસાવાયેલા, ગુમ કરવામાં આવેલા ઝારખંડના 3000થી વધુ લોકોને કાનૂની રાહે ન્યાય અપાવ્યો છે. ફા. સ્ટાન પોતે જણાવે છે કે સરકાર દ્વારા સતત તેમની પૂછપરછ અને સતામણી થતી રહી છે. જેમ કે...તેમણે

- સંવિધાનના પાંચમા સુધારાનો અમલ નથી કરવામાં આવતો તે નીતિને પડકારી છે.
- પ્રશ્નો ઉઠાવ્યા છે કે વધારો કરવામાં આવેલા સૂચિત વિસ્તારોમાં પંચાયત દ્વારા PESA-1996ની અવગણના થાય છે.
- સુપ્રિમ કોર્ટના 1997ના ''સમાથા ચુકાદા'' તરફ કેમ ચુપકીદી સેવવામાં આવે છે? -એવા પ્રશ્નો ઉઠાવ્યા છે.
- 2006ના વન-અધિકારો પરત્વે સરકારનું અધકચરું વલણ શા માટે છે, તે સવાલ ઊઠાવ્યો છે.
- જમીન-માલિકીના અધિકારની સાથોસાથ માટી અને ખાણ-ખનીજના આદિવાસી અધિકારોના આદેશ પ્રત્યે સરકાર કેમ આંખ આડા કાન કરી રહી છે? અવગણના કરી રહી છે?

- તાજેતરમાં પસાર થયેલા જમીન અધિગ્રહણ કાયદાનો સુધારેલો મુદ્દો ઝારખંડ સરકારે આદિવાસી સમુદાયની કફનપેટી ઉપર મારેલો છેલ્લો ખીલો છે એમ કહીને પોતાની સખત નારજગી વ્યક્તિ કરી છે.
- જમીનનું અધિગ્રહણ થતાં પહેલાં સામાજિક, પર્યાવરણીય સલાહસૂચન અને આકલન થવું જોઇએ એવી ભલામણ કરી છે. એટલું જ નહિ, જમીનનું યોગ્ય વળતર મળે અને તે પણ પૂરા સન્માનપૂર્વક, જમીન અધિગ્રહણ થતાં પહેલાં અને તે પણ યોગ્ય કાનૂની કારવાઇ સાથે, આદિવાસી સાથે વ્યવહાર થાય એવો દૃઢ આગ્રહ રાખવામાં તેઓ અગ્રેસર બન્યા છે.
- 'જમીન-બેન્ક'નો તેઓ સખત વિરોધ કરતાં કહે છે કે આદિવાસીઓને ખતમ કરી નાખવાનું આ તદ્દન નવું કાવતરું છે.
- હજ્જારો આદિવાસી યુવાનોની આડેધડ થતી ધરપકડોને પડકારતાં તેઓ જણાવે છે કે આ કર્મશીરોએ અન્યાયપૂર્વકની જમીન-ઝૂંટવણી અને નિરંતર વિસ્થાપનને પડકાર્યું છે જે કોઇ રીતે લોકશાહી અપરાધ કહેવાય નહિ. એમના ઉપર નક્સલવાદીનો ઠપ્પો મારવો ઘોર અન્યાય છે.

**ફા. સ્ટાન જણાવે છે કે, ''મારી સાથે જે કંઇ બની રહ્યું છે તે કંઇ નવી વાત નથી! કેટલાય કર્મશીલો, વકીલો, લેખકો, પત્રકારો, વિદ્યાર્થી-નેતાઓ, કવિઓ, બુદ્ધિજીવીઓ અને જેઓ આદિવાસીઓ-દલિતો અને હાંસિકૃત સમુદાયોના અધિકારો માટે લડી રહ્યા છે અને વર્તમાન શાસકોની સામે અવાજ ઉઠાવી રહ્યા છે તે સૌની સાથે આવા બનાવો બનતા રહ્યા છે.''**

| |
|---|
| જરૂર છે ફા. સ્ટાન અને તેમની જેમ પકડાયેલા અન્ય કર્મશીલોની મુક્તિ માટે દબાણ ઊભું કરવાની. |

***નોંધઃ ફક્ત મર્યાધિત વર્તુળમાં વહેંચવા માટે.***